દાખલ તારીખ:– ૨૨/૧૧/૨૦૧૦
ફેંસલ તારીખ :– ૦૩/૦૪/૨૦૨૫
સમયગાળો :– વર્ષ મહિના દિવસ

**અમદાવાદ શહેરના મે. ૯ માં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી ડી.વી.પટેલ સાહેબ સમક્ષ, (કોર્ટ નં .૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબર:–૧૧૮૮/૨૦૧૦**

**આંક–૦૭**

| | |
|---|---|
| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
| પોલીસ સ્ટેશન :– | ઓઢવ પોલીસ સ્ટેશન, સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૩૭૬/૨૦૧૦ |
| ગુનો :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૫૦૬(૧),૨૯૪(ખ) મુજબ |

**FORM A**

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૫૦૬(૧),૨૯૪(ખ) મુજબ |
| ફરિયાદી :– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી–કામતાપ્રસાદ રામાનંદ ચૌધરી) |
| વિ.એ.પી.પી.શ્રી :– | શ્રી ડી.સી.ગોસ્વામી |
| આરોપી :– | સુરેશભાઈ અનંતરામ હરીપ્રસાદ ગોસ્વામી, ઉ.વ.૨૮<br>રહે:– ૧૭,દીપાલીનગરની પાછળ, શેઠ.આર.ટી હાઈસ્કુલની બાજુમાં, આદિનાથનગર, ઓઢવ, અમદાવાદ |
| આરોપીઓ તરફે વિ.વકીલશ્રી:– | શ્રી પારસ પંડયા |

**FORM B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :– | તા. ૨૮/૧૦/૨૦૧૦ |
| ફરિયાદની તારીખ :– | તા. ૨૮/૧૦/૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખ :– | તા. ૧૬/૧૧/૨૦૧૦ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :– | તા. ૧૫/૦૩/૨૦૧૯ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :– | તા. ૧૨/૦૨/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :– | તા.૧૨/૦૨/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

**આરોપીઓની વિગતો :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરેશભાઈ અનંતરામ હરીપ્રસાદ ગોસ્વામી | ૦૮/૧૧/૨૦૧૦ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | .... | ..... |

**FORM C**

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

**(એ) ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો**

**–: મૌખિક પુરાવો :–**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | કામતાપ્રસાદ રામાનંદ ચૌધરીની જુબાની | ફરિયાદી | ૦૪ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,**

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૫ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

આ કામે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ નથી.

**–: ચુકાદો :–**

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૧૦/૧૦ ના કલાક ૨૨:૦૦ વાગ્યાના સુમારે ઓઢવ નટરાજ સ્કુલ પાસે જલદર્શન સોસાયટી સામે વિજયા પાર્ક ઘર નં. ૨ આગળ આવી સાહેદ નં.૨ ને કામતાપ્રસાદ કયાં છે હું તને જોઈ લઈશ તેમ કહી ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. જે ધમકી તા. ૨૬/૧૦/૧૦ ના રોજ ફરિયાદીના ભત્રીજાએ ફરિયાદ આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક.અમલદારે સે.ગુ.ર.નં.૩૩૭૬/૨૦૧૦ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાથી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–
૨૯૪(ખ),૫૦૬(૧) મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (''સંહિતા'') ની કલમ–૧૬૧ અન્વયે સંબંધીત સાહેદોના નિવેદનો નોંધી અને તપાસનાં અંતે આરોપીઓની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતા ની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓની સામે સંહિતાની કલમ–૨૦૪

અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત ધ્વારા આરોપીની આંક–૦૩ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપીઓ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી તથા મુળ ફરિયાદીની આંક–૦૬ ની પુરાવો પુરો થયાની પુરસીસ થી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીઓની વિરુધ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી. ફરિયાદી તરફે આંક–૧૯ થી રજુ લેખિત દલીલો ધ્યાને લીધી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૧૦/૧૦ ના કલાક ૨૨:૦૦ વાગ્યા ના સુમારે ઓઢવ નટરાજ સ્કુલ પાસે જલદર્શન સોસાયટી સામે વિજયા પાર્ક ઘર નં. ૨ આગળ આવી સાહેદ નં.૨ ને કામતાપ્રસાદ કયાં છે હું તને જોઈ લઈશ તેમ કહી ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. જે ધમકી તા. ૨૬/ ૧૦/૧૦ ના રોજ ફરિયાદીના ભત્રીજાએ ફરિયાદ આપી ભારતીય દંડ સંહિતા , ૧૮૬૦ની કલમ–૨૯૪(ખ),૫૦૬(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

**કારણો**

**મુદ્દાનં. ૧:-**

**(૮.૧)** આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષે આંક-૦૪ થી ફરિયાદી કામતાપ્રસાદ રામાનંદ ચૌધરી ને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે,બનાવ ૨૦૧૦ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કંઈ બનેલ નહી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. બનાવ અંગે તેઓએ ફરિયાદ આપેલી. જે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ નથી. જે અસલ ફરિયાદ તેઓને બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક-૦૫ થી રજુ રાખેલ છે. આ કામના સાહેદ નં. ૨ શોભાબેન તેમની પત્ની થતાં હતા અને તેણીનું આજથી આશરે બે વર્ષ પહેલા મરણ થયેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકત ને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ એ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, આરોપીઓ સાથે તેઓને સમાધાન થયેલ છે. એ હકીકત સ્વીકારે છે કે, તેઓને કે તેમના પત્નીને કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળો બોલેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે, ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ તેમની સાથે બનેલ નથી.

(૯) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાન નં.૮૫ ઉપર ના. સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી

નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ધ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

(૧૦) પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં ગંભીર શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે, કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં સદર કામના ફરિયાદી પોતાના પુરાવામાં તેઓને સામાન્ય બોલાચાલી થયેલ. તે સિવાય બીજું કંઈ બનેલ નહી તેમજ બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા ન હોવાનું જણાવે છે. તેમજ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં આરોપીએ તેમના પત્નીને કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળો બોલેલ ન હોવાની હકીકત સ્વીકારે છે.તેમજ તેમની સાથે ફરિયાદ મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવાની હકીકત સ્વીકારે છે. આમ, ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૧૦/૧૦ ના કલાક ૨૨:૦૦ વાગ્યાના સુમારે ઓઢવ નટરાજ સ્કુલ પાસે જલદર્શન સોસાયટી સામે વિજયા પાર્ક ઘર નં. ૨ આગળ આવી સાહેદ નં.૨ ને કામતાપ્રસાદ કયાં છે હું તને જોઈ લઈશ તેમ કહી ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. જે ધમકી તા. ૨૬/૧૦/૧૦ ના રોજ ફરિયાદીના ભત્રીજાએ ફરિયાદ આપી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૨૯૪(ખ),૫૦૬(૧) મુજબનો સજા ને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગો માં આ કામના આરોપીઓ એ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.નો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>::આખરી હુકમ ::</u>

આ કામના આરોપી સુરેશભાઈ અનંતરામ હરીપ્રસાદ ગોસ્વામી, ઉ.વ.૨૮,રહે:- ૧૭, દીપાલીનગરની પાછળ, શેઠ.આર.ટી હાઈસ્કુલની બાજુમાં,આદિનાથનગર, ઓઢવ, અમદાવાદનાઓને

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧)અન્વયે ઈ.પી.કો.કલમ –૨૯૪(ખ),૫૦૬(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

આ હુકમ આજ તારીખ–૦૩મી માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૪/૦૩/૨૦૨૫

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
૯ માં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૨૫)

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

**(૧)** અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

**(૨)** બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઈ કરવી.

**(૩)** રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ:–૦૩/૦૪/૨૦૨૫
અમદાવાદ

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
૯ માં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૨૫)

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. | |
| ૨ | ચુકાદો આખો ચેક વેરીફાઈ કરેલ છે. | |
| 3 | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. | |